## વડીલોને વંદન
## અભિનંદન


કમલા પરસોત્તમ સુથાર
(૧૯૪૪) ૨૩૨૨૧૫૮૯


કોકીલાબેન સુમંતભાઈ શાહ
(૧૯૪૪) ૨૩૨૨૬૫૫૭

# બેંક સાથે ૧.૧૮ કરોડની છેતરપીંડી કરનાર બે દિવસના રીમાન્ડ પર

### બેંક ઓફ મહારાષ્ટ્રની સેક્ટર-૨૧ શાખામાંથી લોન લઈ ત્રણ જણાએ મળીને ચીટીંગ કર્યું હતું

ગાંધીનગર, તા. ૮
બેંક ઓફ મહારાષ્ટ્રની ગાંધીનગર શહેરમાં સ્થિત સે-૨૧ ની શાખામાંથી અમદાવાદના બે શખ્સોએ વિવિધ મશીનો લાવવા માટે લોનની માંગણી કરી ૧૪ મશીનો લાવવા રૂ.૧.૧૮ કરોડની લોન લઈ લીધી હતી. મશીનોના બિલો બતાવી દેવાયા હતા પરંતુ ત્યાર બાદ બેંક અધિકારીઓ દ્વારા તપાસ કરતા આવા કોઈ મશીનો લાવ્યા જ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક સાથે રૂ. ૧.૧૮ કરોડનું ચીટીંગ કરી નાંખનાર આરોપીઓ તથા મશીન સપ્લાયર મળીને ત્રણ જણા સામે બેંક મેનેજરે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ત્રણેયની ધરપકડ કરી લીધી છે. આરોપીઓની પૂછપરછ માટે કોર્ટે બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર સે-૨૧ ખાતે સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્ર શાખામે સિલાઈ સહિતના વિવિધ મશીનો ખરીદવા માટે અમદાવાદના નિકોલ ખાતે રહેતા જીગ્નેશ કાનજી બાવીસી અને બાપુનગર રહેતા મલ્કેશ આર રામીગા બંને વેપારીઓએ મળીને લોન અરજી કરી હતી. ૧૪ મશીનો લાવવા માટે જીગ્નેશને ૫૫ લાખ અને મલ્કેશને ૬૩ લાખ મળીને બેન્કે કુલ રૂ.૧.૧૮ કરોડની લોન મંજુર કરી આપી હતી. તે અંતર્ગત બંને વેપારીઓએ મશીન સપ્લાયર નિકોલના -વીણ સાવલીયાના નામના મશીનના બિલો પણ બેંકમાં રજુ કર્યા હતા. બેંક અધિકારીઓ દ્વારા આકસ્મિક ચેકિંગ કરતા દર્શાવેલા સ્થળે આવા કોઈ મશીન જ મુકાયા ન હોવાનું ઉપરાંત કોઈ મશીનની ખરીદી પણ કરાઈ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક મેનેજર પી.બી.જાદવ દ્વારા સે-૨૧ પોલીસ મથકમાં ત્રણેય સામે ફરિયાદ આપવામાં આવી હતી. જેને આધારે પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી ઝીણવટભરી પૂછપરછ શરુ કરી છે. હાલ ત્રણેય આરોપીઓ સે-૨૧ પોલીસ મથકમાં બે દિવસના રીમાન્ડ પર છે.


સે-૬ પગાર કેન્દ્ર શાળા ખાતે ધોરણ ૩ થી ૮નાં શિક્ષકોની 'શિક્ષક સેવા તાલીમ' શિબિરનું આયોજન તા. ૪ જૂનથી ૭ જુન સુધી રાખવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર શહેર અને પેથાપુર, પીપળજનાં કુલ ૨૩૫ જેટલા શિક્ષકોએ 'વિષય સજ્જતા' માટે હાજરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ધોરણ-૧૨ સાયન્સની પુરક પરીક્ષા ૧૦મી જુલાઈથી શરૂ

### ૧૦ જુલાઈના રોજ ગણિત તેમજ જીવ વિજ્ઞાનની પરીક્ષા લેવાશે : ૧૧મી જુલાઈના રોજ રસાયણ વિજ્ઞાનની પરીક્ષા

અમદાવાદ, તા.૦૮
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું અને સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા ૧૦ જુલાઈથી ૧૨ જુલાઈ દરમિયાન લેવાશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા ૧૩ જુલાઈના રોજ લેવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ૧૦ જુલાઈના રોજ ગણિત અને જીવ વિજ્ઞાનની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ૧૧મી જુલાઈના રોજ રસાયણ વિજ્ઞાન અને અંગ્રેજીની પરીક્ષા લેવામાં આવશે. ૧૨ જુલાઈના રોજ ભૌતિક વિજ્ઞાન અને તમામ પ્રવાહની પ્રથમ ભાષા તેમજ કોમ્પ્યુટર એજ્યુકેશનની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં અંદાજે ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સમાં બે વિષયની પુરક પરીક્ષા લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જે મુજબ જુલાઈ માસમાં લેવાનારી ધોરણ-૧૨ સાયન્સની પુરક પરીક્ષામાં બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહી શકશે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના તમામ વિષયોની પરીક્ષા ૧૩ જુલાઈના રોજ લેવામાં આવશે. જોકે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક જ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવશે. પુરક પરીક્ષા માટે શિક્ષણ બોર્ડ દ્વારા દરેક જિલ્લામાં એક-એક કેન્દ્રની ફાળવણીમાં કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષામાં એક બે વિષયોમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે પુરક પરીક્ષાનું આયોજન કરાયું છે

## અજન્તા ગ્રુપની ફેક્ટરીમાં આગથી કરોડોનું નુકશાન

અમદાવાદ, તા.૦૮
આજે સવારે મોરબી-રાજકોટ હાઈવે સ્થિત અજંતા ગ્રુપની ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જાણીતી ઘડિયાળ બનાવતી અજંતા ફેક્ટરીમાં લાગેલી આગથી અફરાતફરી મચી જવા પામી હતી. ભીષણ આગના કારણે ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ પર કાબૂ મેળવવા ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી આવીને કામગીરી હાથ ધરી હતી. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ભીષણ આગના પગલે અજંતા ગ્રુપની અરોરેવા ફેક્ટરીમાં ફીનીશ્ડ પ્રોડક્ટ્સ ભરેલા ત્રણ સ્ટોર અને બિલ્ડીંગના બે માળ બળીને ભળથું થઈ ગયા હતા. આગ પર કાબૂ મેળવવા માટે મોરબી તેમજ રાજકોટ અને વાંકાનેર ફાયરબ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ૩૦ જેટલા ફાયરબ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવીને નવ કલાકની ભારે જેહમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. ભીષણ આગના કારણે ફેક્ટરીને કરોડો રૂપિયાનું નુકશાન થયું હોવાનું જાણવા મળેલ છે.

# સાયન્સની પ્રવેશની પ્રક્રિયામાં વિલંબથી સત્ર ખોરવાઈ શકે

### કોઈ તારીખ નક્કી કરવામાં ન આવતા દુવિધા ભરી સ્થિતિ
### સમય ખરાબ થઈ રહ્યો છે : વાલીઓ-વિદ્યાર્થીઓ ચિંતિત

અમદાવાદ, તા.૦૮
ગુજરાત યુનિવર્સિટી સાયન્સ કોલેજોમાં પ્રવેશને લઈને અસમંજસની સ્થિતિ બાદ યુનિવર્સિટી મોડે મોડે જાગી છે. જે મુજબ મોડે મોડે યુનિવર્સિટી દ્વારા કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયાથી પ્રવેશ કરવાની જાહેરાત કરી પરંતુ હજુ કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. ત્યારે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પ્રવેશમાં સમય વેડફાતા શૈક્ષણિક સત્રની કાર્યવાહી ખોરવાય અને વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશનનો ભોગ આપવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થાય તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

સાયન્સ કોલેજોમાં એફવાયમાં પ્રવેશનો પ્રશ્ન વિકટ બન્યો છે. ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ઉંચુ આવતા કેન્દ્રીય પ્રવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના માટે યુનિવર્સિટી પાસે સરક્યુલર પણ આવી ગયો છે. પરંતુ યુનિવર્સિટી દ્વારા પ્રવેશની હજુ કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી. એક તરફ બીબીએ અને બીકોમની કાર્યવાહી માટે ફોર્મ વહેંચાઈ રહ્યા છે. જ્યારે બીએસસીમાં એડમિશન લેવા માંગતા વિદ્યાર્થીઓમાં ભારે ચિંતા વ્યાપેલી છે. આ માટે જેટલી પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ કરવામાં આવશે તેટલો મોડો કોલેજનો અભ્યાસ ક્રમ અને પરીક્ષા પણ પાછળ ઠેલવવી પડશે. જેના કારણે વિદ્યાર્થીઓના વેકેશનનો ભોગ લેવાય તેવી પૂરી શક્યતા છે. ગત વર્ષે એડમિશનમાં ઘણી કોલેજોએ મનમાની કરી પ્રવેશની ફાળવણી કરી હતી. જેના કારણે કુલપતિ દ્વારા સાયન્સ આચાર્યોની મિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ તેની જાહેરાત મોડી કરતા આ વિદ્યાર્થીઓએ હવે ભોગવવાનો વારો આવે તેવી સ્થિતિ આવી પડી છે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થતા હજુ જેટલો સમય મોડું થશે તેટલો સમય વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ અને પરીક્ષા પણ મોડી થશે. જેના કારણે આગળનું સત્ર એડજસ્ટ કરવા માટે વિદ્યાર્થીઓનું દિવાળી વેકેશન ટુંકાવું પડશે.

## ગરમીનો આતંક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પસંદ કરે છે. ત્યારે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં વિશેષ પ્રમાણમાં વૃક્ષો હોવા છતાં ગાંધીનગરાઓ છેલ્લા ૧૦ દિવસથી ગરમીના પ્રકોપથી આકુળવ્યાકુળ બન્યા છે. ગાંધીનગરમાં છેલ્લા ૫ દિવસ દરમિયાન ગરમીનો પારો ૪૨ ડિ.સે. ઉપર જ નોંધાયો છે. જેમાં આજે, ગઈકાલે ૪૩.૮ ડિ.સે.ની સરખામણીએ ૨ પોઈન્ટના વધારા સાથે પારો ૪૪ ડિ.સે. પહોંચ્યો છે. જ્યારે તેની સામે લઘુત્તમ ૨૮.૭ ડિ.સે. નોંધાયો છે. આજે સવારે વાતાવરણમાં ભેજ ૬૧ ટકા અને સાંજે ભેજ ૧૮ ટકા નોંધાયો હતો. દિવસ દરમિયાન કાળઝાળ ગરમી અને તાપ બાદ સમી સાંજે ભેજના લીધે બફારો અનુભવાયો હતો. શહેરીજનો ગરમીથી બચવા મોડી સાંજ સુધી ઠંડકમાં અથવા ઠંડકવાળા વિસ્તારમાં જ રહી પોતાનો સમય વિતાવે. કાળઝાળ અને આગ ઓકતી ગરમીથી ક્યારે રાહત મળશે તેની લોકો રાહ જોઈ રહ્યા છે. પરંતુ જોવાનું રહ્યું કે સૂર્યદેવ ક્યારે પોતાનો પ્રકોપ ઓછો કરે.

## તડામાર તૈયારીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રથયાત્રાના રૂટમાં નજીકના સ્થળે પહોંચી સામેલ થઈ શકશે. રથયાત્રા દરમિયાન જય રણછોડ..માખણ ચોર...જેવા પ્રસંગોચિત સુત્રો સિવાય અન્ય સુત્રો ન બોલવા પણ શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સે-૨૯ સ્થિત જલારામ મંદિર ભગવાનના મોસાળામાં શ્રદ્ધાળુઓ માટે મહા-સાદનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રામાં વાહનો સાથે સામેલ થવા ઈચ્છતા વ્યક્તિઓએ ડ્રાઈવર તેમજ વાહનના રજીસ્ટર નંબર અઠવાડિયા પૂર્વે રજનીભાઈ શર્મા (૯૮૨૫૫ ૨૨૦૪૩)ને નોંધાવી દેવા જણાવાયુ છે. રથયાત્રાના આયોજનમાં નગરના વસાહત મંડળો, વેપારી એશોશીયેશન, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને મહિલા મંડળો દ્વારા પણ સહકાર મળી રહ્યો હોવાનું સમિતિના અધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીજીએ જણાવ્યું છે.

## ફોરમની રચના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. વિશેષ અતિથિ તરીકે સોમભાઈ મોદી, દિલીપભાઈ બારોટ, મહેશભાઈ મહેતા (પ્રમુખ જી.આઈ.બી.વી.) તથા અંજલીબેન પંડયા (સેક્રેટરી જી.આઈ.બી.વી.) સાથે સુર્યકાંત જાલાન (ભાજપ, વારાણસી), સુવાસ બારોટ, શ્રી ઉર્વિશ કંથારીયા, અનુપભાઈ પરીખ તથા પ્રણવ અમીને આ મિશનનો શુભારંભ કરાવ્યો હતો.

આ તબક્કે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' વિશે વધુ માહિતી આપતા સુવાસભાઈ બારોટે જણાવ્યું કે આ ફોરમ નોન પ્રોફીટ, નોન પોલીટીક અને નોન રીલીજીયસ સંસ્થા છે. જે યુવાનોને વૈશ્વિક સ્તરે ભણતરથી માંડીને રોજગાર અને ધંધાર્થે વિકસીત થવામાં મદદરૂપ થશે. વિશ્વ સ્તરે પથરાયેલા ભારતીય યુવા ધનને વિદેશ તથા દેશની ધરતી પર પ્રામાણિકપણે વિશ્વસનીય મદદ મળી રહે અને આ યુવાનોમાં વૈશ્વિક એકતા સધાય તે માટે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' તમામ પ્રયાસો કરશે ભારતીય યુવાનોને આવતીકાલના ઉત્કૃષ્ટ આગેવાન બનાવવા માટે આ ફોરમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ કામ કરશે. શિક્ષણ બિઝનેસ તથા વિવિધ ક્ષેત્રના સફળ વ્યકિતઓ-સંસ્થાઓની મદદથી 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' પોતાના વૈશ્વિક મિશનને આગળ ધપાવશે. વિશ્વ સ્તરે ફેલાયેલા ભારતીય યુવાનોના વિકાસને આડે આવતી તમામ અડચણોને દુર કરવા માટે ફોરમ પ્રયત્ન કરશે. યુવાનોને શૈક્ષણિકથી માંડીને રોજગાર તથા સાંસ્કૃતિક વિકાસ દ્વારા ભારતનો આડકતરો વિકાસ થાય તે દિશમાં આ પગલું ભરવામાં આવ્યું છે. 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' ફોરમનું આંતરરાષ્ટ્રીય હેડકવાટર ગાંધીનગર રહેશે. ૭મી જુનથી શરુ થનાર આ મિશનને લગતી માહિતી મેળવવા માટે તથા આ મિશનમાં જોડાવા માટે **info@iamglobalindian.com** તથા **www. iamglobalindian.com** પર સર્ચ કરી શકાશે. આ મિશનને વિશ્વ વ્યાપી બનાવવામાં પ્રચાર માધ્યમોની પણ મદદ લેવામાં આવશે. ભારત જયારે વિશ્વની મહાસત્તા બનવા જઈ રહ્યુ છે ત્યારે ભારતીય યુવાનો વિશ્વકક્ષાએ તેનું સુકાન સંભાળી શકે તેવા સક્ષમ બને તે માટે 'આઈ એમ ગ્લોબલ ઈન્ડિયન' કામ કરશે.

## નવા પોલીસ સ્ટેશન


● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ફરિયાદોનું પણ ઝડપથી નિરાકરણ આવશે. નવા પોલીસ સ્ટેશનને અનુલક્ષી પોલીસ ઈન્સ્પેકટરો, સબ ઈસ્પેકટર તથા કોન્સ્ટેબલ થી માંડીને એ.એસ.આઈ સહિતના સ્ટાફને નિમણુંક પણ આપી દેવામાં આવી છે.

જિલ્લામાં ગુનાખોરીના -માણને ડામવા પોલીસ તંત્ર દ્વારા સઘન પેટ્રોલિંગ ઉપરાંત વાહન ચેકિંગ તથા વિવિધ એકશન પ્લાન ઘડવામાં આવે છે. પરંતુ પોલીસ બેડાના અભાવ વચ્ચે સતત બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા પોલીસ તંત્ર માટે ગુનાખોરીનો ગ્રાફ નીચો લાવવાનું કામ વધુ મુશ્કેલ બન્યું હતું. આવા સંજોગો માં અરજદારોની ફરિયાદોનું પણ ઝડપભેર નિરાકરણ ન આવતું હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. પરંતુ ત્રણેક વર્ષ અગાઉ સરકાર દ્વારા જિલ્લામાં વધુ ત્રણ પોલીસ સ્ટેશન શરુ કરવાની મંજૂરી આપી દેવાતા પોલીસની કામગીરી વધુ અસરકારક બને તેવી તક ઉભી થઈ હતી. જેને અનુલક્ષી જીલ્લા પોલીસ વડા દ્વારા બે વર્ષ પૂર્વે ચિલોડામાં નવું પોલીસ સ્ટેશન શરુ કરવામાં આવ્યું હતું. જગ્યાના અભાવે ઈન્ફોસીટી અને સાંતેજમાં નવા પોલીસ સ્ટેશન શરુ કરવાનું કામ અટવાયું હતું. આખરે આ મામલે નિર્ણય લેવાતા આ બંને જગ્યાએ હવે પોલીસ સ્ટેશન ધમધમતા થશે. ઈન્ફોસિટીમાં નવું પોલીસ સ્ટેશન શરુ થતા કુડાસણ, રાયસણ, સરગાસણ સહિતના ન્યુ ગાંધીનગર વિસ્તારના કાયદો અને વ્યવસ્થાનું અમલીકરણ વધુ અસરકારક અને સરળ બનશે.

સે-૭ ખાતે આવેલા જુના પોલીસ સ્ટેશનને રીનોવેશન કરી તે સ્થળે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન ચાલુ કરી દેવામાં આવશે. બીજી તરફ કલોલના સાંતેજમાં પણ અરજદારોની ફરિયાદોનું ઝડપભેર નિરાકરણ આવશે. નવા પોલીસ સ્ટેશનોને અનુલક્ષી પી.આઈ થી માંડીને કોન્સ્ટેબલ સહિતના પોલીસ અધિકારી-કર્મચારીઓને નિમણુંકો પણ આપી દેવાઈ છે. આગામી ૧૦ મી જુનના રોજ ઈન્ફોસિટી અને સાંતેજ બંને પોલીસ સ્ટેશન શરુ કરી દેવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. બિલ્ડીગ તૈયાર થયા બાદ વિધિવત ઉદ્દઘાટન પણ કરવામાં આવશે તેમ જીલ્લા પોલીસ વડા શરદ સિંઘલે જણાવ્યું છે.

## શબ્દાવલી - ૫૪૧૩



### આડી ચાવી

૧. ગાંધી બાપુનું જન્મ સ્થળ(૫)
૫. ગુંડલા, લોટના ગોળિયા(૨)
૭. ચોકીદાર, પગી (૪)
૯. એક ફળ (૪)
૧૧. બે હાથ એકબીજા સાથે અથડાવી કરાતો અવાજ (૨)
૧૪. બગીચો, બાગ (૨)
૧૫. એક મીઠાઇ (૫)
૧૮. અદલાબદલી (૪)
૧૯. ધબ્બો, દાગ (૨)
૨૦. ફરાળી લોટ જેવો શીરો વગેરે થાય (૪)
૨૧. રસોડું, બાવર્ચીખાનું (૫)
૨૨. મોઢાનું ચીકણું પ્રવાહી (૨)

### ઊભી ચાવી

૧. પોલ, ખોખલું (૪)
૨. પ્રાર્થના, સ્તુતિ (૩)
૩. છિદ્ર, બખોલ (૨)
૪. મોકલવું, જવા દેવું (૩)
૬. મુશ્કેલી, તકલીફ (૩)
૮. એક ગામડું (૪)
૧૦. નાનું પડીકું, પરવા, દરકાર (૨)
૧૨. લીટા (૩)
૧૩. ગપ્પા મારવા (૩)
૧૬. 'પાન' શબ્દ ઊંધો છે (૨)
૧૭. કંઇ અસરના ના થાય તેવું (૪)
૧૮. શિંગડાવાળુ હરણ જેવું એક પ્રાણી(૩)
૧૯. જોકર જેવો, .... જેવો (૩)
૨૦. વોટ, રસ્તો (૨)

### શબ્દાવલી ૫૪૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરસેવો (૪) ખોપડી (૬) જકડાવું (૮) વાની (૧૦) રઘુ (૧૧) ઝોકુ (૧૨) નોકર (૧૪) આળી (૧૫) ટમટમીયું (૧૮) આતમા (૧૯) તર (૨૦) કામણ (૨૧) મેદસ્વીતા (૨૨) પાંખ (૨૩) રજ
**ઊભી ચાવી :-** (૧) પરવાનો (૨) સેજ (૩) વોકર (૪) ખોવું (૫) ડીચકું (૭) ડાઘુ (૯) નીકટતમ (૧૧) ઝોળી (૧૩) રમમાણ (૧૪) આયુ (૧૬) મીનમેખ (૧૭) સરતાજ (૧૮) આકાશ (૧૯) તસ્વીર

## ટાઈમ લાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ ભાજપના અન્ય નેતાઓ કરતાં બિલકુલ અલગ -કારની છે. જો કે બન્ને વચ્ચે વક્તત્વમાં ખૂબ મોટું અંતર છે. વાજપેયી વિરોધીઓ ઉપર પ્રેમથી -હાર કરતા હતા, જયારે મોદી સીધો એટેક કરે છે. કોંગ્રેસ માટે કડવા વેણ છતાં કોંગ્રેસના નેતાઓમાં મોદીના ફેન વધતા જાય છે. શશી થરૂરનો મોદી પ્રેમ કોંગ્રેસને ખૂંચે છે પણ બીજા નેતાઓ જાહેરમાં મોદીના વખાણ કરશે તો શું કોંગ્રેસ બધાંને પાર્ટીમાંથી કાઢી મૂકશે ?.. વાજપેયીનું પ્રવચન સાંભળવા ગયેલા કોંગ્રેસના નેતાઓને ઈન્દિરા ગાંધીએ કાઢી મૂક્યા ન હતા તે કોંગ્રેસના વર્તમાન નેતાઓએ સમજવું પડશે...

**બધાંની નજર આનંદીબેન પટેલ પર છે...**

ગુજરાતમાં જાહેર જનતા, ભાજપના નેતાઓ, ધારાસભ્યો, પાર્ટીના હોદ્દેદારો અને ખુદ વિપક્ષ કોંગ્રેસના નેતાઓની નજરમાં આજે આનંદીબેન પટેલ છે. તેઓ કેવું શાસન કરે છે તેની નોંધ લેવાની શરૂઆત થઈ ચૂકી છે. ઘણી બાબતોમાં નરેન્દ્ર મોદીએ અંતર રાખ્યું હતું તેવું અંતર આનંદીબેન રાખી શકશે તે એક સવાલ છે, કારણ કે તેઓ પ્રજાકીય નિર્ણયો લેવામાં માને છે અને એવું કરવા જતાં કેટલીક વાર સત્તાના દલાલો લાભ લઈ જતા જોવા મળે છે, જે ભૂતકાળની સરકારોમાં દેખાયું છે...

મોદીએ વચેટીયાઓનો ધંધો બંધ કરી દીધો હતો. એજન્ટોની અવર-જવર પર રોક લગાવી હતી. મહેસૂલ વિભાગમાં તલાટી કાંડના છાંટા સચિવાલયમાં પણ ઉડ્યા હતા. આવો કોઈ કાંડ ઉદ્દભવે નહીં તેનું ધ્યાન સીએમઓ એ રાખવું પડશે તેવું ભાજપના એક હિતચિંતકે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે તદ્દન સ્વચ્છ સરકારની અપેક્ષા રાખવી એ ભૂલભરેલું છે પરંતુ સામે આવીને પડકાર ફેંકે તેવું શાસન કદાચ અટકાવી શકાય છે. મોદીના પ્રોજેક્ટને આગળ વધારી રહેલા આનંદીબેન માટે સચિવાલયના શાસનમાં આ એક બાબત જ સૌથી મોટો પડકાર છે...

**સીએમ ટ્વિટર પર મિનિસ્ટર્સ વોટ્સઅપ પર...**

મોદીની જેમ આનંદીબેન પટેલ પણ સોશ્યલ સાઈટમાં વ્યસ્ત બની રહ્યાં છે. ફેસબુક અપડેટ્સ અને ટ્વિટર એકાઉન્ટ ઉપર તેમની આઈટી ટીમ છવાયેલી રહે છે. બીજી તરફ સરકારમાં ગુડ ગવર્નન્સના ભાગરૂપે સરકારના મહત્વના વિભાગો અને બોર્ડ-કોર્પોરેશનની વેબસાઈટ્સને અપડેટ કરવાની ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. ગુજરાતનો પ્રયોગ દિલ્હીમાં અજમાવવામાં આવ્યો છે ત્યારે ગુજરાતમાં આ પ્રયોગ થંભી ના જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે...

સીએમની જેમ કેબિનેટ મિનિસ્ટરો પણ વોટ્સઅપ અને ટ્વિટર સાથે સીધા જોડાયેલા છે. હવે કોઈ મિનિસ્ટર ફોન ઉપાડે નહીં તો વાંધો નહીં, અરજન્ટ કોલ માટે તમે તેમને મેસેજ મોકલી શકો છો, કારણ કે હવે તેઓ વોટ્સઅપ મેસેજ કરતા થયા છે, જોતાં થયા છે. તેઓ ટ્વિટર એકાઉન્ટ ઉપર ટ્વિટ કરતાં શિખી ચૂક્યાં છે. આજે ભાજપના ૮૫ ટકા ધારાસભ્યો ફેસબુક અને વોટ્સઅપ એકાઉન્ટ ધરાવે છે. સોશ્યલ મિડીયાનો આ એક અદ્દભૂત પ્રભાવ છે, જેના થકી જીવંત સંપર્ક રહે છે...

**કર્મચારીઓને નિરાંત, સેક્રેટરીઓને ઉજાગરા...**

ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની નવી સરકારમાં હાલ તો ઓપન ફોર ઓલ જેવો માહોલ -વર્તિ રહ્યો છે. નરેન્દ્ર મોદી હવે ગુજરાતમાં નથી તેવો આભાસ ધીમે ધીમે થવા લાગ્યો છે. કલાસ-૧ થી ક્લાસ-૪ના કર્મચારીઓ ખૂશ છે, કારણ કે તેઓ મોદીના તાપથી ધ્રુજતા હતા, જો કે મોદીના ઓન ગોઈંગ પ્રોજેક્ટને હાથ પર લેવામાં આવતા સેક્રેટરીઓ માટે ખાસ આનંદનું વાતાવરણ જોવા મળતું નથી. કૃષિ મહોત્સવ, કન્યા કેળવણી, સામાન્ય બજેટ, ચોમાસુ અને છેલ્લે વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ની તૈયારીઓ જોતાં જૂન-૨૦૧૪ થી જાન્યુઆરી-૨૦૧૫ સેક્રેટરીઓ માટે હાઉસફુલ જેવા થઈ ગયા છે....

નવી સરકાર પ્રજાકીય પ્રશ્નોને વાચા આપી રહી હોવાની છાપ ઉપસાવી રહી છે. આનંદીબેન પટેલે સ્વાગત ઓન લાઈનથી શરૂ કરેલી સફરમાં તેમણે પહેલાં -જાકીય કામો પહેલાં હાથ પર લીધા છે. સચિવાલયના એક સેક્રેટરીએ હસતાં હસતાં કહ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી ચીફ મિનિસ્ટર ઈન્ડિયા ટૂરમાં હતા તેથી સચિવાલયમાં તેમની હાજરી ખૂબ ઓછી જોવા મળતી હતી પરંતુ હવે ગુજરાતને ફુલટાઈમ ચીફ મિનિસ્ટર મળ્યા હોય તેવું લાગે છે, કારણ કે પ્રજાકીય ફંકશનને બાદ કરતાં આનંદીબેન પટેલ ઓફિસમાં મોજૂદ હોય છે....

**કેશુભાઇ પટેલની ખાસિયતો ચર્ચામાં....**

સૌરાષ્ટ્ર અને ખાસ કરીને રાજકોટની એક ખાસિયત છે કે વેપારી આલમ સહિતના પ્રજાજનો બપોરે જાહેરમાં ઓછા દેખાય છે અને બપોરના સમયમાં કોઈપણ દુકાનમાં ઘરાકી ખૂબ નહિવત હોય છે. કારણ એવું છે કે રંગીલુ રાજકોટ બપોરનો સમય તો આરામ કરવામાં પસાર કરે છે. રાજકોટના નેતાઓને પણ આ રંગ લાગુ પડે છે. ચાહે તે કેશુભાઇ પટેલ હોય કે વજુભાઇ વાળા...આ બન્ને નાસ્તામાં ફાફડા અને ગાંઠીયાના ખૂબ શોખિન નેતાઓ છે.

સચિવાલયમાં સીએમઓના એક અધિકારીએ કહ્યું હતું કે ૧૯૯૫માં પ્રથમવાર ભાજપની સરકાર બન્યા પછી ચીફ મિનિસ્ટર કેશુભાઈ પટેલે જનતા અને પાર્ટીના વર્કરો માટે સચિવાલયના દરવાજા ખુલ્લા રાખ્યા હતા, પરંતુ બપોરના સમયમાં તેઓ આસાનીથી મળી શકતા ન હતા કેમ કે સિનિયર નેતા અને પાછા સૌરાષ્ટ્રના હોવાથી બપોરના સમયમાં તેઓ આરામ કરતા હતા. જો કે તેમની કોઠાસૂઝ આગળ ભલભલા ઓફિસરો પાણી ભરતા હતા. કેશુભાઈને નવું નવું શિખવાનો ખૂબ શોખ છે. હંમેશા બોલતા પહેલાં તેઓ સો વાર વિચાર કરે છે અને અભ્યાસ પછી જ બોલે છે...

**નંબર ટુની દોડમાં બે નેતાઓ આવે છે...**

ગુજરાત સરકારમાં નંબર ટુ ની દોડમાં બે મિનિસ્ટર ફીટ થાય છે. એક છે નિતીન પટેલ અને બીજા છે સૌરભ પટેલ... આ કોમ્બિનેશન જોઈને સચિવાલયમાં એક બિલ્ડર મિત્રએ એવી કોમેન્ટ કરી હતી કે રાજયમાં ફરી પાટીદારોનો વટ પડ્યો છે, જે પહેલાં ૧૯૯૫??? હતો. કેશુભાઈ પટેલને પાર્ટીએ સીએમ બનાવતા ગુજરાતમાં સામાન્ય છાપ એવી હતી કે ભાજપ એ પટેલોની પાર્ટી છે. આજે પણ શાસનમાં પાટીદારો છે. આમ પણ જોવા જઈએ તો અમેરિકામાં પણ પટેલ પાવર ચાલે છે...

સવાલ એ છે કે આનંદીબેન પટેલ વિદેશ ટૂરમાં જાય તો કાર્યકારી ચીફ મિનિસ્ટરનો હવાલો કોની પાસે હોઈ શકે...કોઈ કહે છે કે નિતીન પટેલ પાસે આવે, કોઈ કહે છે સૌરભ પટેલ પાસે રહે... કેબિનેટના સભ્યોની યાદીમાં બીજાક્રમે હોય તે કદાચ નંબર ટુ ન પણ હોઈ શકે... આ સરકારમાં નિતીનભાઈ અને સૌરભભાઈ બન્ને વજનદાર મિનિસ્ટરો છે અને બન્ને અનુભવી છે. બિચારા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઓછા બોલા અને સ્ટેટ ફોરવર્ડ છે. લોકસભા કેમ્પેઈન સમયે મોદીની ગેરહાજરીમાં તેઓ ગ્રુપ ઓફ મિનિસ્ટરના સભ્ય રહી ચૂક્યાં છે...